* N B K - 0 0 1 - 0 0 1 2 6 6 *

# NBK-001-001266

Seat No. ______

## B. A. (Sem. II) (CBCS) Examination

April / May – 2017

Gujarati : Paper - IV

(ગુજરાતી વ્યાકરણ, સર્જન, લેખન કૌશલ-૨) *(Elective-1) (New Course)*

**Faculty Code : 001**

**Subject Code : 001266**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.
(૨) કુલ પાંચ પ્રશ્નો છે.

૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

''મને અસત્યમાંથી સત્યમાં લઈ જા, એમ પ્રભુ પાસે પ્રાર્થના કરવી એ હું અસત્યમાંથી સત્ય તરફ જવાનો પ્રયત્ન કરીશ એવી પ્રતિજ્ઞા કર્યાં જેવું છે. પ્રયત્ન જ કરવાનો છે, તો પછી પ્રાર્થના શા માટે ? પ્રયત્ન કરવાનો છે એટલે જ પ્રાર્થના આવશ્યક છે. હું પ્રયત્ન કરીશ પણ ફળ કંઈ મારા હાથની વસ્તુ થોડી છે ! હું પ્રયત્ન કરી કરીને કેટલો કરવાનો હતો ? મારી શક્તિ કેટલી અલ્પ ! ઈશ્વરની સહાય વિના હું એકલો શું કરી શકવાનો હતો ? કાર્ય કરવાનો અધિકાર મારો ખરો પણ ફળનું તંત્ર પરમેશ્વરના હાથમાં. તેથી મારા પ્રયત્નોની જોડમાં ઈશ્વરની પ્રાર્થના આવશ્યક બને છે. પ્રાર્થનાને લીધે આપણને બળ પ્રાપ્ત થાય છે. પ્રાર્થના એટલે પોતાની પાસેનું બળ વાપરીને વધારે બળ આપ એવી પ્રભુ પાસે માગણી.''

**- વિનોબા ભાવે**

**અથવા**

૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

''ખરું જોતાં માણસના વિકાસને હદ જ ન બાંધી શકાય. વૃક્ષ આકાશમાં જેટલું વિકાસ પામે તેટલું ઓછું છે. મનુષ્ય વિષે પણ એમ છે. મનુષ્યનો આદર્શ હંમેશા અપ્રાપ્ય રહે છે. જેમ જેમ તે આગળ જશે તેમ તેમ આદર્શ પણ આગળ વધતો જશે. મનુષ્યે જીવનમાં ચાલ્યા જ કરવાનું છે. આદર્શ જ્યારે પ્રાપ્ય બને છે ત્યારે તે આદર્શ મટી જાય છે. આદર્શનું કામ માણસને દોરવાનું છે. ઈશુનો આદર્શ જુઓ. તેણે કહ્યું કે જ્યારે પ્રભુનું રાજ્ય પૃથ્વી પર અવતરશે ત્યારે માણસો એકબીજાને ચાહશે. લડાઈ છોડી દેશે. એકબીજાનો દ્વેષ નહી કરે. લોહી વહેવું બંધ થશે. લોકો તલવારના દાતરડાં કરશે. વાઘ અને બકરી એક આરે પાણી પીશે. રોગ દુ:ખ મટી જશે. તે મુજબ નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનો આદર્શ મૂક્યો. આપણે જોઈ શકીએ છીએ કે આ બંને આદર્શમાં વર્ણવેલી સ્થિતિ ક્યારેય સંપૂર્ણતયા બનવી શકય નથી એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન આપણે ચાલુ રાખવો જ રહે.''

**- સુન્દરમ**

૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : ૧૪

''આ સંસારમાં ભાતભાતનાં લોક વસે છે. નદી અને નાવની જેમ એક બીજા સામે - એક બીજા સાથે હળીમળીને રહેવાથી જીવનપંથ સરળ બને છે. બધા માણસો સંત નથી હોતા. સમાજમાં સજ્જન હોય તેમ દુર્જન પણ હોય. દુર્જન બીજાને દુઃખ દેવામાં રાચે છે, અન્ય મનુષ્યના જીવનમાર્ગમાં કંટક વેરે છે. દુર્યોધન, દુઃશાસન અને તેમના ભાઈઓ પાંડવોને દુઃખ દેવા બધું નહોતા કરી છૂટ્યા ? કૌરવોએ દ્યૂતનો દાવ પ્રપંચ કર્યો, પાંડવોનું રાજ્ય પડાવી લઈ વનવાસી બનાવ્યા. એટલે થી ન અટકતા સત્યનિષ્ઠ પાંડવોને લાક્ષાગૃહમાં, દાવાનળમાં ફસાવ્યા. ભલે પાંડવો દુષ્ટતાનો ભોગ બન્યા પણ તેમણે પોતાની સજ્જનતા અને નીતિનો માર્ગ કદી ન છોડ્યો. અંતે કૌરવોના અસત્યનો પરાજય અને પાંડવોના સત્યનો જય થયો. વાદળોના દળકટક ઉમટે છતાં સૂર્ય પ્રકાશ્યા વિના રહેતો નથી અને પૃથ્વી પર પ્રકાશ પાથરે છે, એમ આપણે પણ દુર્જનો પ્રત્યે સમભાવ અને સૌજન્ય દાખવીએ તો કેવું સારું''.

- **અનામી**

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : ૧૪

''કહેવાતા જ્ઞાનના સૂકા છોડિયાથી મગજ ભરવું એમ નહીં, પણ લીલા છોડ જેવી માનસિક શક્તિઓને સીંચવી, પોષવી, વિકસાવવી એ શિક્ષણનું ખરું સ્વરૂપ છે. એક ખ્રિસ્તી આખ્યાયિકા છે કે ધણીએ પરદેશ જતી વખતે એનાં નોકરોને અમુક ટેલેન્ટસ અને ધન આપ્યું. એમાંથી બેએ તો ધનનો ઉપયોગ કર્યો અને એકના બે કર્યાં. જ્યારે ત્રીજાએ ધન દાટી રાખ્યું. ધણી પરત ફર્યો ત્યારે પેલા બે ઉપર ગુસ્સે થવાને બદલે રાજી થયો કારણ કે એમણે એમની શક્તિનો ઉપયોગ કર્યો હતો. ત્રીજાએ નહીં. આખ્યાયિકાનો સાર એ છે કે આપણી શક્તિ દાટી રાખવા માટે નથી ઉપયોગ માટે છે. સત્ય, સૌંદર્ય અને કર્તવ્યની ભાવના મનુષ્યમાત્રમાં છે, અને એને કેળવવાની શક્તિ પણ પ્રભુએ આપેલી છે. આત્મા અખંડ હોય એ શક્તિઓના વિષય પણ એકબીજાથી છૂટાં પાડી શકાતાં નથી. માટે જ સત્યનિષ્ઠ બનો. કર્તવ્યનિષ્ઠ બનો. સૌંદર્યનિષ્ઠ બનો.''

- **આનંદશંકર ધ્રુવ**

૩ વિરામચિહ્નો એટલે શું ? સમજાવી ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા વિવિધ વિરામચિહ્નોને ઉદા. સહિત સમજાવો. ૧૪

**અથવા**

૩ નીચેના વાક્યોમાં વિરામચિહ્નો મૂકી વાક્યો ફરીથી લખો : ૧૪

(૧) મારો જન્મ ૬૪માં થયો છે
(૨) તમે આવશો ખરુ ને
(૩) તમારુ નામ અશોકભાઈ કે
(૪) ના આ કામ મારું નથી.
(૫) વર્ગમાં કોણ કોણ આવ્યું છે
(૬) બસ આટલું જ
(૭) અરે તમે આવ્યા

૪ નીચે આપેલી કહેવતોના અર્થ આપો : ૧૪

(૧) આગે આગે ગોરખ જાગે.

(૨) કર ભલા તો હોગા ભલા.

(૩) મન ચંગા તો કથરોટમેં ગંગા.

(૪) સાધુ તો ચલતા ભલા.

(૫) બેસતો રાજાને ઉઠતો બકાલી.

(૬) કાગડી દહીંથરું લઈ ગઈ.

(૭) જાગ્યા ત્યાંથી સવાર.

**અથવા**

૪ સમાસ એટલે શું ? વ્યાખ્યા આપો. ૧૪

૫ નીચેનામાંથી કોઈપણ બેના જવાબ આપો : ૧૪

(૧) તમારી સમજણમાં હોય એવી સાત કહેવતો લખો.

(૨) દ્વન્દ્વ સમાસ એટલે શું ? સમજાવો.

(૩) ઉપપદ સમાસ એટલે શું ? સમજાવો.

(૪) કર્મધારય સમાસના સાત ઉદા. માત્ર લખો.